# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | FEBRUARY 2024 | NO: 12


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૧૧૨:૧-૧૦

૧. યહોવાની સ્તુતિ કરો. જે માણસ યહોવાનો ભક્ત છે, અને તેની આજ્ઞાઓ પાળવામાં બહુ ખુશ થાય છે, તેને ધન્ય છે.

૨. તેનાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થશે; યથાર્થીના વંશજો આશીર્વાદ પામશે.

૩. તેના ઘરમાં ધનદોલત થશે; અને તેનું ન્યાયીપણું સર્વકાળ ટકશે.

૪. યથાર્થીને સારુ અંધારામાં અજવાળું પ્રગટ થાય છે; તે કૃપાળુ, રહેમી તથા ન્યાયી છે.

૫. જે માણસ કૃપા રાખીને ધીરે છે તેનું ભલું થાય છે; તે પોતાનાં કામકાજ ડહાપણથી ચલાવશે.

૬. કેમ કે તે કદી પણ ડગશે નહિ; ન્યાયીનું સ્મરણ સર્વકાળ રહેશે.

૭. તે માઠા સમાચારથી બીનાર નથી. તેનું હૃદય યહોવા પર ભરોસો રાખીને સુદ્રઢ રહે છે.

૮. તેનું અંતઃકરણ સ્થિર છે, તેથી તે પોતાના શત્રુઓ પર ફતેહ મેળવતાં સુધી બીશે નહિ.

૯. તેણે મોકળે હાથે દરિદ્રીઓને આપ્યું છે; તેનું શિંગ માન સહિત ઊંચું થશે.

૧૦. એ જોઈને દુષ્ટોને સંતાપ થશે; તેઓ પોતાના દાંત પીસશે, અને સુકાઈ થશે; એમ દુષ્ટોની ધારણા નિષ્ફળ થશે.

# સારા માટે તમારા પર ઈશ્વરની કૃપાદ્રષ્ટિ!

**GOD'S HAND IS UPON YOU FOR GOOD!**

*માનદ્ મુખ્ય સંપાદિકા - રેવ. એન્જલાઈન સેલ્વાકુમારી*



**મારા દેવની કૃપાદ્રષ્ટિ મારા પર હતી...**
**નહેમ્યા ૨:૧૮**

ઈશ્વરની કૃપાદ્રષ્ટિનો ખ્યાલ રસપ્રદ છે. બાઈબલનાં કિંગ જેમ્સ આવૃતિમાં, ''યહોવા પ્રભુની કૃપાદ્રષ્ટિ'' એ શબ્દપ્રયોગ ૩૯ વખત ઉલ્લેખવામાં આવ્યો છે, ૩૬ વખત જૂના કરારમાં અને ૩ વખત નવા કરારમાં. વધુમાં શબ્દપ્રયોગ, ''ઈશ્વરનો હાથ'' કે ''ઈશ્વરની કૃપાદ્રષ્ટિ'' ૧૬ વખત બાઈબલમાં જોવા મળે છે, ૭ વખત જૂના કરારમાં અને ૯ વખતોએ નવા કરારમાં.

ઈશ્વરની કૃપાદ્રષ્ટિ જૂના કરારમાંનાં સમયોમાં જ નહિ પણ આજે પણ ઘણું મહત્વ ધરાવે છે. આપણા જીવનોમાં ઈશ્વરની કૃપાદ્રષ્ટિ એટલી મહત્વની કેમ છે?

* પ્રેરિતોનાં કૃત્યો ૭.૫૦ જણાવે છે કે તેમણે **તેમના હાથે બધી વસ્તુઓ બનાવી છે.**

* યાબેસ આ મહત્વથી વાકેફ હતો, તેથી જ તેણે કહ્યું હતું કે, ''જો તું મને ખચીત જ આશીર્વાદ આપે, તારો હાથ મારા પર રહે.'' જો ફક્ત ઈશ્વરનો હાથ આપણી સાથે, દરેક પ્રવૃત્તિમાં અને આપણા જીવનોના દરેક ક્ષેત્રોમાં હોય, તો તે એક નોંધપાત્ર તફાવત લાવશે.

(અનુસંધાન પાન ૩ પર)


ઈકો ઓફ હીઝ કોલ



**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**
**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**
**પ્રાર્થના કરવાની એક તક!**
**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**
**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**
દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી
**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS







**"તમે એક બાજુએ અને બીજી બાજુએ ઘણા બધા વૃક્ષો જોશો." (હઝકિયેલ ૪૭:૭)**

ઈસુ ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં આપને ઉમળકાભરી સલામ!

**ઈકો ઓફ હીજ કોલ**ની વિવિધ પ્રવૃતિઓમાં પ્રોત્સાહન આપતી તમારી અતૂટ પ્રાર્થનાઓ અને સહાયતા માટે અમે હૃદયપૂર્વક તમારો આભાર માનીએ છીએ. તમારી પ્રતિબધ્ધતાનો ઈશ્વર ચોક્કસ બદલો આપશે.



*સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ શિક્ષકાઓ - નાતાલના ગીતો ગાતા*

તાજેતરની તહેવારોની મોસમનાં પ્રકાશમાં (નાતાલ, નવું વર્ષ અને સાબ્બાથ શાળાના વાર્ષિક દિવસનો કાર્યક્રમ) અમે સંથોષપૂરમ, બાલાજી નગર, વેલાચેરી અને અન્ય સ્થળોએ સુવાર્તા પ્રચારની સભાઓનું આયોજન ર્ક્યુ હતું. તેનો પ્રતિસાદ ખરેખર ઉત્સાહવર્ધક હતો, કેમ કે ઈશ્વરની હાજરીએ લોકોના હૃદયોને સ્પર્શ ર્ક્યો હતો. અમે નમ્રતાપૂર્વક તમને અમારા નવા વર્ષના આવનાર કાર્યક્રમ માટે સતત પ્રાર્થનાઓ કરવા વિનંતી કરીએ છીએ.

અમને તમને જણાવતા આનંદ થાય છે કે અમારા **નહેમ્યા બાઈબલ કોલેજને** માટે **એશિયા થીઓલોજીકલ એશોસિએશન** (ATA) તરફથી માન્યતા મેળવવાની અમારી પ્રક્રિયા



*નાતાલના સમય દરમિયાન આપણા વડીલ પાળકની બહારી વિસ્તારની મિનિસ્ટ્રીજ*

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**HON. EDITOR-IN-CHIEF**
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

**E.MAIL**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ YouTube Ministry ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development



*માન્યતા પ્રાપ્ત કરવા માટે કામ કરતા ટીમ સાથે આપણા પાળક*

ચાલુ છે. આ કાર્ય માટેની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂરી થાય તે માટે અમે તમારી ઉત્સાહિત પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ. વધુમાં, અમને અમારી **નહેમ્યા બાઈબલ કોલેજના** પુસ્તકાલય માટે હિન્દીમાં થીઓલોજીકલ પુસ્તકોની જરૂર છે. જો તમે પ્રાપ્તિસ્થાનો વિશે જાણતા હો, તો અમે તમને આ બાબતમાં અમને સહાયતા કરવા વિનંતી કરીએ છીએ.

પાછલા વર્ષ તરફ ફરીને જોતા, અમારા કેટલાક સાથી કાર્યકરો સ્વાસ્થ્ય અંગેના પડકારોનો સામનો કરી રહ્યા છે. પ્રાર્થનાના સામર્થ્ય મારફતે, ઈશ્વર તેમને કૃપાળુરીતે સાજા કરી રહ્યા છે, જ્યારે બીજા અન્યોને તમારી પ્રાર્થનાઓ દ્વારા સહાયતાની હજુ જરૂર છે.

જ્યારે અમે આગળ વધી રહ્યા છીએ, ત્યારે અમે જે કામ કરી રહ્યા છીએ, તેમાં તમારી સતતની પ્રાર્થનાઓ માટે આગ્રહથી વિનંતી કરીએ છીએ. કૃપા કરીને ખાત્રી રાખો કે અમે પણ તમને અમારી પ્રાર્થનાઓમાં ધરી રાખીએ છીએ.

આભારી ભાવ અને આશીર્વાદો સાથે,

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એલેક્ષ સેમસન સામ**
**પાળક એસ. સામ સેલ્વ રાજ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(પાન ૧થી આગળ...)

આપણામાંથી કેટલા આ કહી શકે?

*** "મારા સર્વ પ્રસંગો તારા હાથમાં છે. (ગીતશાસ્ત્ર ૩૧:૧૫).**

***"આપણે ઈશ્વરના હાથનાં કૃતિ છીએ."** (ગીતશાસ્ત્ર ૧૩૮:૮)

***"ઈશ્વરના હાથમાં આપણો શ્વાસોચ્છવાસ છે."** (દાનિયેલ ૫:૨૩)

*** આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે."** (ગીતશાસ્ત્ર ૧૯:૧)

***"જ્યારે તમે અને હું આપણા હાથો સાથે મળીને પકડી રાખીશું, આપણા હાથ ઈશ્વરના હાથમાં મૂકીને, ત્યારે તે એક નોંધપાત્ર તફાવત લાવશે."**

આવો આપણે કેટલીક બાબતો પર વિચાર કરીએ જે યહોવા પ્રભુનો હાથ કરી શકે છે.

## ૧. સર્જન કરનાર હાથો !

ઈશ્વરનો હાથ તે સર્જન કરનાર હાથ છે, જે બાબતો અસ્તિત્વમાં નથી, તેનું સર્જન તેઓ કરી શકે છે. **"તેઓ જે નથી તે જાણે કે હોય એવું પ્રગટ કરનાર છે."** (રોમનોને પત્ર ૪:૧૭). તેમનો હાથ નવી બાબતોનું સર્જન કરી શકે છે. તેઓ સર્જનહાર છે. તેટલું જ નહિ, તેમનો હાથ મૃત વસ્તુઓમાં જીવન પાછું લાવી શકે છે. જ્યારે મૃત થયેલી વસ્તુને તેમનો હાથ સ્પર્શ કરે છે, જીવન વગરની કે કોઈપણ ભવિષ્ય વગરની હોય તેવી, તેમનો હાત તેને જીવનમાં ફરી લાવી શકે છે, તેમને પૂર્નજીવિત કરી શકે છા, અને તેમને ખીલવી શકે છે. તે તેમના હાથનું સામર્થ્ય છે. જ્યારે તેમના હાથે નાઈનની વિધવાના પુત્રને સ્પર્શ કર્યો, ત્યારે તે જીવતો થયો હતો. તેઓ તેણીના પુત્રને જીવનમાં પાછા લાવ્યા જ નહતા, પણ તેમણે તેણીના જીવનમાંની મૃત સ્થિતિને પણ પુર્નજીવિત કરી હતી, તેણીની આશાને, આનંદને અને વિશ્વાસને પૂનઃસ્થાપિત કરતા.

તેણીના અસ્તિત્વને નવો અર્થ પ્રાપ્ત થયો હતો, જ્યારે તેમના સ્પર્શે તેણીના જીવનમાં તાજો હેતુ આપ્યો હતો. જ્યારે તેઓ આગળ ગયા, અને ઠાઠડીને સ્પર્શ કર્યો, ત્યારે ઊંચકનારાં ઊભા રહી ગયા હતા. ઈસુએ મૃત માણસને ઉદ્દેશીને કહ્યું કે, **"જુવાન, હું તને કહું છું કે ઊઠ." "ચમત્કારિક રીતે, જે મુએલો હતો તે બેઠો થયો, અને બોલવા લાગ્યો અને ઈસુએ તેને તેની માને સોંપ્યો."** (લૂક ૭:૧૪,૧૫).

જ્યારે આપણે આ વર્ષની શરૂઆતમાં છીએ, તે સ્વાભાવિક છે જે પડકારોનો સામનો કરવાનો છે તે વિશે અનિશ્ચિતતા રહેવાની. તમે કદાચ છેલ્લા ગંતવ્ય પર હોઈ શકો અને વિચારી રહ્યા હો કે શું ત્યાં આગળ માર્ગ છે કે, આગળ શું કરવું? જો કે, અહિં હજી એક મહિનો જ થયો છે, હાલની ઘટનાઓ કદાચ બાકી રહેલા વરસ અંગે ચિંતાતૂર કરી શકે છે. અને હું કેવી રીતે સંભાળી શકીશ?

વહાલા મિત્રો, તે આવશ્યક છે ઈશ્વરને આપણા મૃત ક્ષેત્રોમાં શ્વાસ મૂકવા દેવાની મંજૂરી આપવાની. સ્વીકારો કે તે વેરાન અને બીન ઉત્પાદક છે અને પછી ઈશ્વરને તેમને પૂર્નજીવિત કરવાની મંજૂરી આપો. આ પ્રક્રિયામાં સ્વયંઃ પ્રતિબિંબિતા અને સમજણનો સમાવેશ થાય છે.

## ૨. તૃપ્ત કરનાર હાથ!

**(ગીતશાસ્ત્ર ૧૪૫:૧૬)**

**તેઓ તેમનો હાથ ખોલીને સર્વ સજીવોની ઈચ્છાને તૃપ્ત કરે છે.** (ગીતશાસ્ત્ર ૧૪૫:૧૬)

ઈશ્વરનો હાથ તૃપ્ત કરવાનો સ્રોત છે. તેઓ તેમના લોકોની ઈચ્છાઓને પરિપૂર્ણ કરવામાં પ્રસન્નતા અનુભવે છે. ગીતશાસ્ત્ર ૧૪૫:૧૯ જણાવે છે કે, **જેઓ તેમનું ભય રાખે છે તેમની ઈચ્છાઓ, તેઓ પરિપૂર્ણ કરશે.** વધુમાં, ગીતશાસ્ત્ર ૩૭.૪માં, **ઈશ્વર આપણા હૃદયોની ઈચ્છાઓ પૂરી પાડવાની ખાતરી આપે છે.** ઘણી વખતે, જ્યારે આપણે આ કલમ વાંચીએ છીએ, આપણે અપેક્ષા રાખીએ છીએ કે આપણા હૃદયોમાં ઉત્પન્ન થતી દરેક ઈચ્છાઓ ઈશ્વર પરિપૂર્ણ કરે. જો કે,

આપણો હૃદયભંગ થાય છે, જ્યારે આપણે જે ઈચ્છીએ છીએ, તે આપણે પ્રાપ્ત કરતા નથી અને પછી ફરીયાદ કરીએ છીએ કે ઈશ્વર તેમનું વચન પાળતા નથી.

વહાલા મિત્રો, જ્યારે આપણે આ કલમ વાંચીએ છીએ, ત્યારે આપણે ચોક્કસ સમજવું જોઈએ કે તેઓ એકમાત્ર ઈશ્વર છે. જેઓ આપણને તૃપ્ત કરી શકે છે, પણ આ તે લોકો માટે છે, જેઓ તેમનું ભય રાખે છે. તેમની ઈચ્છાઓ અને મનોકામનાઓ તેમની સાથે એક થાય છે. જ્યારે ઈશ્વરે ઈસ્રાએલપુત્રોને મિસરમાંથી બહાર કાઢીને અરણ્યમાં દોર્યા હતા, ત્યારે તેમણે માંસ ખાવાની ઈચ્છા રાખી હતી. હું માનું છું કે તેઓ તેમના ખોરાકની પસંદગીમાં મારી જેમ જ હતા. મને માસાંહાર વાનગીઓ વધુ પસંદ છે અને તેના વગર ભોજન કરવું તે મારા માટે પડકારદાયક હોય છે. ઈસ્રાએલપુત્રોનો સ્વર્ગીય માન્ના પ્રત્યે અસંતોષ હોવા છતાં, ઈશ્વરે તેમની ઈચ્છાઓ પરિપૂર્ણ કરી હતી. તેવી જ રીતે, ઈશ્વર આપણને દરેક રીતે તૃપ્ત કરવા રાજી હોય છે, પણ આ તૃપ્તતા તેઓ માટે આરક્ષિત છે જેઓ તેમનું ભય રાખે છે અને તેમનામાં પ્રસન્ન હોય છે અને તેમના માર્ગો યહોવા પ્રભુને સમર્પિત કરે છે. આ તે માટે છે કે ત્યાં તેમના વિચારોમાં એકતા હશે. જે વ્યક્તિ યહોવા પ્રભુનું ભય રાખે છે, તે હમેશા ઈશ્વરના મનને અને હૃદયને સમજશે.

જો તમે તમારી પરિસ્થિતિ સાથે તૃપ્ત થશો, તો તમે ઈશ્વરના તૃપ્ત કરનાર હાથના કે કૃપાના સાક્ષી થશો, જે તમારા જીવનમાં સામર્થ્યવાન છે.

## ૩. પકડી રાખનાર હાથો!

### કોઈ ભય નહિ

**"જ્યારે માણસનો માર્ગ યહોવાને પસંદ પડે છે, ત્યારે તે તેનાં પગલાં સ્થિર કરે છે. જો કે તે પડી જાય, તોપણ તે છેક જમીનદોસ્ત થશે નહિ; કેમ કે યહોવા તેનો હાથ પકડીને તેને નિભાવશે."** (ગીતશાસ્ત્ર ૩૭ : ૨૩-૨૪).

જ્યારે ન્યાયીઓ ઠોકર ખાય છે, ત્યારે ઈશ્વરનો હાથ તેઓને પકડી રાખે છે.

**"તેથી, તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું; આમતેમ જોઈશ મા, કેમ કે હું તારો દેવ છું; મેં તને બળવાન કર્યો છે; વળી મેં તને સહાય કરી છે; વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે... કેમ કે હું યહોવા તારો દેવ તારા જમણા હાથને પકડી રાખીને તને કહું છું કે, તું બીશ માં; હું તને સહાય કરીશ."** (યશાયા ૪૧ : ૧૦-૧૩).

હું મારા જુવાનીના સમયને ફરી યાદ કરું છું જ્યારે હું મારા પિતા સાથે મિનિસ્ટ્રીજની મુસાફરી પર નાગરકોઈલ જતો હતો, જે ભારતના દક્ષિણ ભાગમાં છે. અમારા ઘરે પાછા ફરતી વખતે, અમારે લગભગ ૬૦૦ કિલોમીટરની મુસાફરી કરવાની હતી અને એક દરીયા પરનો કે નદી પરનો પુલ પાર કરવાનો હતો. (મને ચોક્કસ યાદ નથી કે ક્યો). તે સમયે ભારે વરસાદ વરસી રહ્યો હતો, ગાજવીજ અને વીજળી, તોફાન સાથે. જ્યારે બસ પુલ પરથી પસાર થઈ રહી હતી, હું અનુભવી શકતો હતો કે તે હલી રહી હતી અને પાણી ઘણું ઉછળતું હતું. હું ઘણો ગભરાઈ ગયો હતો. ત્યારે મેં એક ઉષ્માભર્યા હાથને મારા હાથને પકડી રાખવાનું અનુભવ્યું, કે જે મારા પિતાનો હાથ હતો. તે મારા માટે પૂરતું હતું. તેમના હાથની પકડે મને અનુભવ કરાવ્યો હતો કે જાણે તેઓ કહેતા હતા, "બીશ મા, હું તારી સાથે છું. તને કંઈ પણ અડકી શકશે નહિ." મારા પિતાએ તે શબ્દો કહેવા પડ્યા નહોતા પણ તેમની પકડ તે કરતા વધુ હતી મને સલામત લાગવા માટે અને પછી મને વધુ કોઈ બીક લાગી નહોતી.

વહાલા મિત્રો, જ્યારે હું આ કલમ વાંચું છું, "યહોવા પ્રભુએ તેને તેમના હાથમાં પકડી રાખ્યો છે," તે મને યાદ અપાવે છે કે યહોવા પ્રભુ તમને અને મને તેમના સામર્થ્યવાન, પરાક્રમી હાથોમાં પકડી રાખે છે, આપણે ચિંતા કરવાની જરૂર નથી હોતી. આવો આપણે વિસામાની ખાતરી રાખીએ કે આપણા હાથોને કોણ પકડી રાખે છે. ત્યાં શાંતિ હશે જે સર્વ સમજશક્તિની બહાર છે. તે એ શાંતિ હતી જે પાઉલે અને સિલાસે અનુભવી હતી, જેને કારણે, તેઓ ગીતો ગાઈ શક્યા હતા, ભલે તેમના હાથો અને પગો બેડીઓમાં બંધાયેલા હેડમાં પૂરેલા હતા, તેમને માર મારવામાં આવ્યો હતો, તેમને ઉછરડા પડ્યા હતા અને તેઓ અનિશ્ચિતાની રાહ

(આગળ પાન ૬ પર...)


નિવાસી બાઈબલ અભ્યાસક્રમ
નહેમ્યા બાઈબલ કોલેજ, ચૈનાઈ

માધ્યમ : हिंदी

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
એશિયા થીઓલોજીકલ એશોસિએશન (ATA)

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

Certificate in Ministry
Diploma in Theology

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

અધ્યક્ષ : નહેમ્યાહ બાઈબલ કોલેજો

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

✶ ONLINE CLASSES ARE AVAILABLE ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ થી ૧૮ માર્ચ ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ફેબ્રુઆરી** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયા માટે.

**૨૦ ફેબ્રુઆરી** : જેમની સુધી પહોંચી શકાયું નથી એવા બહુભાષી લોકો સુધી આપણી **ઈકો ઓફ હીજ કોલ**ની યૂટ્યુબ ચેનલને પહોંચાડીને આશીવાર્દિત કરવા માટે.

**૨૧ ફેબ્રુઆરી** : **ઈકો ઓફ હીજ કોલ**ના સહસંપાદકો અને તેમના કુટુંબો પરના આશીર્વાદો માટે.

**૨૨ ફેબ્રુઆરી** : અમારા કાર્યકરો પર તેમના ભરપૂરીપણાના આશીર્વાદોને વરસાવવા માટે.

**૨૩ ફેબ્રુઆરી** : અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટે.

**૨૪ ફેબ્રુઆરી** : બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની વૃધ્ધિને માટે.

**૨૫ ફેબ્રુઆરી** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોની અમારી સાબ્બાથ શાળાની ભજનસેવાઓમાં ઈશ્વરના વચનના સામર્થ્યને માટે.

**૨૬ ફેબ્રુઆરી** : અમારા ભાગીદારોના અમારા પરના નૈતિક અને નાણાકીય આશીર્વાદોને માટે.

**૨૭ ફેબ્રુઆરી** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબને દરેક દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખ્યા તે માટે.

**૨૮ ફેબ્રુઆરી** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદોને માટે

**૨૯ ફેબ્રુઆરી** : પાછલા મહીનાની અમારી સર્વ જરૂરીયાતોને પૂરી પાડવા માટે.

**૦૧ માર્ચ** : આપણા **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ના સર્વ કર્મચારીઓને તથા તેમના કુટુંબોને રક્ષણ પુરૂ પાડવા માટે.

**૦૨ માર્ચ** : જુવાનોને ચર્ચની પ્રવૃતિઓમાં પ્રોત્સાહન સાથે ભાગ લેવાના આશીર્વાદ માટે.

**૦૩ માર્ચ** : અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના આચાર્ય, શિક્ષકો અને અન્ય કર્મચારી સભ્યો પરના આશીર્વાદોને માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ માર્ચ** : સર્વ દેશોમાં એકતા અને શાંતિ માટે.

**૦૫ માર્ચ** : અમારા ભાગીદારો અને રાજ્ય કો-ઓર્ડીનેટરો માટે.

**૦૬ માર્ચ** : ભારતના વણખેડાયેલા સ્થળોમાં સુવાર્તાને ફેલાવવામાં અમને સક્ષમ કરવા માટે.

**૦૭ માર્ચ** : અમારી સર્વ મિનિસ્ટ્રીયલ પ્રવૃતિઓ માટે.

**૦૮ માર્ચ** : આ મહિનાની અમારી સર્વ જરૂરીયાતો આપણા યહોવા પ્રભુ પૂરી પાડે તે માટે.

**૦૯ માર્ચ** : અમારા અંગ્રેજી ભાષાના સહસંપાદિકા બહેન સાજીની ચેરીયનના સારા સ્વાસ્થ્ય માટે.

**૧૦ માર્ચ** : કોવિડના નવા વિષાણુથી સર્વ દેશોને સુરક્ષિત રાખવા માટે.

**૧૧ માર્ચ** : સર્વ દેશના બાળકો અને જુવાનો ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે તે માટે.

**૧૨ માર્ચ** : આપણા વડીલ પાળકને તેમની આત્મકથાને લખવામાં સફળતા અપાવવા માટે.

**૧૩ માર્ચ** : વૃધ્ધાશ્રમમાંના વૃધ્ધ લોકો માટે.

**૧૪ માર્ચ** : દુનિયાભરના બાળકોને તથા જુવાનોને ઓનલાઈન રમતોના વ્યસનથી રક્ષણ આપવા માટે.

**૧૫ માર્ચ** : અમારા સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યોને માટે.

**૧૬ માર્ચ** : સર્વ દેશો પર અને તેમના આર્થિક વિકાસ પર તેમના આશીર્વાદો રહે તે માટે.

**૧૭ માર્ચ** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૧૮ માર્ચ** : દુનિયાભરના મિશનરી સેવાના કાર્યકરોના દૈવી રક્ષણ માટે.

(પાન ૪ પરથી આગળ...)

જોઈ રહ્યા હતા. તે તેજ શાંતિ હતી જ્યારે હિબ્રૂ ભાઈઓ અગ્નિની ભઠ્ઠીમાં સાથે ચાલી રહ્યા હતા, ત્યારે તેમણે અનુભવી હતી. જ્યાં સુધી આપણા હાથો ઈશ્વરના પરાક્રમી હાથોને પકડી રાખે છે, ત્યાં સુધી આપણે ક્યાંય પણ ચાલી શકીએ છીએ. ગીતકર્તા કહે છે "**હા, જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તું મારી સાથે છે.**" ગીતશાસ્ત્ર ૨૩:૪. હું પ્રાર્થના કરું છું કે જ્યારે તમે આ બાકી રહેલા વર્ષમાં આગળ વધો, ત્યારે ઈશ્વર તમને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવાનું સામર્થ્ય આપશે, એ જાણીને કે તેમણે તમારો હાથ પકડી રાખ્યો છે.

આ મૂસાફરીમાં તમે એકલા નથી. તમારી પાસે કોઈક છે જે તમારી ગઈ કાલો, આજ અને તમારી આવતી કાલો જાણે છે. કેમ કે તેઓ આપણી આવતી કાલોમાં પહેલેથી જ છે, આગળ શું થવાનું છે તે વિશે આપણે ચિંતા કરવાની જરૂર નથી. જો તેઓ મને સાથે લે છે, તે તેઓ મને બહાર કાઢશે!

## ૪. પરાક્રમી હાથો!

તેમનો હાથ પરાક્રમી છે, તે તમારી તરફ રહીને તમને વિજય અપાવશે, નહિ તો તમારી વિરુદ્ધ લડશે.

યશાયા ૧૯:૧૬ કહે છે, "**તે દિવસે મિસર નાહિંમત થશે; સૈન્યોનો દેવ યહોવા તે પર મુક્કી ઉગામે છે, તે ઉગામવાથી તે ધ્રુજશે તથા બીશે.**"

ઈશ્વરના હાથની વિરુદ્ધ કોઈ ઊભો રહી શકતો નથી! તે ખાતરી કરો કે તે તમારી વિરુદ્ધ નથી! જ્યાં સુધી ઈશ્વરનો હાથ આપણી સાથે આપણી બાજુએ છે, ત્યાં સુધી આપણે સલામત છીએ, પણ જો તે આપણી વિરુદ્ધ છે, તો આપણે કંઈ પણ બની શકીશું નહિ.

### ઈશ્વરનો હાથ ક્યારે આપણી વિરુદ્ધ આવે છે?

પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૮-૧૧ **અલિમાસ જાદુગરની વાત જણાવે છે જેણે તેમનો વિરોધ કર્યો હતો અને હાકેમને વિશ્વાસ કરતા અટકાવવાની મતલબથી તેઓની સામો થયો હતો. પાઉલે કહ્યું, "હવે જો, પ્રભુનો હાથ તારી વિરૂદ્ધ છે, કેટલીક મુદત સુધી તું આંધળો રહેશે અને તને સૂરજનાં દર્શન થશે નહિ." ત્યારે એકાએક ધૂમર તથા અંધકાર તેના પર આવી પડ્યા.**

તેમના પરાક્રમી હાથ વડે, ઈશ્વર સુવાર્તાના શત્રુઓનો ન્યાય કરે છે.

જ્યારે આપણે યહોવા પ્રભુના કામનો વિરોધ કરીએ છીએ, જ્યારે આપણે યહોવા પ્રભુના કામને અટકાવવા બોલીએ છીએ, ત્યારે ઈશ્વરનો હાથ આપણી વિરુધ્ધ આવે છે. ઈશ્વરના લોકોની વિરુદ્ધ બોલો નહિ. સંદેશાઓ આગળ મોકલવાનું બંધ કરો. કુથલી, ગપસપ કરવાનું બંધ કરો. ઈશ્વરના કામની વિરુદ્ધ કે ઈશ્વરના માણસોની વિરુદ્ધ બોલો નહિ. ઈશ્વરને તેની સાથે વ્યવહાર કરવા દો.

આપણામાંનાં કેટલાક અંધકારમાં જીવી રહ્યા છે કારણ કે ઈશ્વરે આપણી આંખોને આંધળી કરી નાખી છે, કેમ કે આપણે ઈશ્વરના કામમાં અવરોધ કરનાર છીએ. આવો આજે આપણે પ્રતિબિંબિત કરીએ, શું ત્યાં કોઈ માર્ગ છે જે તમે અવરોધ્યો છે, અટકાવ્યો છે - તે કદાચ આપણી ક્રિયાઓ, શબ્દો હોઈ શકે છે, કંઈક આપણે કર્યુ છે કે કંઈક આપણે કર્યુ નથી - શું તે ઈશ્વરના કામને અટકાવે છે? તો પછી આપણે કાળજી રાખવી જોઈએ, કારણ કે ત્યારે ઈશ્વરનો હાથ આપણી વિરુદ્ધ છે.

જો ઈશ્વરનો હાથ આપણી તરફેણમાં હોય, તો આપણને તે વિજય અપાવે છે - "**યહોવાની આગળ નવું ગીત ગાઓ, કેમ કે તેણે આશ્ચર્યકારક કૃત્યો કર્યા છે; તેના જમણા હાથે તથા તેના પવિત્ર ભુજે પોતાને સારું વિજય મેળવ્યો છે.**" ગીતશાસ્ત્ર ૯૮:૧.

વહાલા ઈશ્વરના સેવકો, કેટલીક વખત માર્ગ કદાચ એકલતાભર્યો, લાંબો અને મુશ્કેલ હોય. શું તમે અનુભવો છો કે તમે જે સખત મહેનત કરો છો, તેની કદર થઈ નથી? લોકો કદાચ તમારી પીઠ પરના જખમો જોઈ શકશે નહિ, પણ ઈસુ આજ માર્ગે ગયા હતા. તેમનો નકાર કરવામાં આવ્યો હતો, તેમને હતોસ્તાહ કરવામાં આવ્યા હતા અને તેમને એકલા મૂકી દેવામાં આવ્યા હતા. યાદ રાખો કે જેમણે તમને તેડ્યા છે તેઓ વિશ્વાસુ છે! તેઓ તમને

(આગળ પાન ૯ પર...)


## નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર - ATA

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

Certificate in Ministry
Diploma in Theology

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**“જે વાંચે, તે સમજે”** (માથ્થી ૨૪:૧૫)

## તમે સોગણા પામશો અને અનંતજીવનને વારસો પ્રાપ્ત કરશે

**જે કંઇ કામ તારે હાથ લાગે તે મને લગાડીને કર, જે માણસ પવન પર ધ્યાન રાખ્યા કરે છે તે વાવશે નહિ, અને જે માણસ વાદળ જોતો રહે છે તે કાપણી કરશે નહિ.”** (સભાશિક્ષક : ૯:૧૦, ૧૧:૪)

જ્યારે હું જુવાન હતો, ત્યારથી મારી એક ઊંડી ઈચ્છા હતી કે હું સર્વ પ્રકારના લોકોને બાઈબલના ઊંડા સત્યો શીખવું, બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને બાઈબલ કોલેજ દ્વારા, કેમ કે હું, ટપાલ અભ્યાસક્રમ જેવા કે ‘જીવનની જ્યોતિ’ અને ‘ભવિષ્યવાણીનો અવાજ’ મારફતે આશિર્વાદ પામ્યો હતો. આવી ઈચ્છા મારા ઊંડા હ્રદયમાં જળવાયેલી હતી. ઘણા વર્ષોથી તે મારા હ્રદયમાં વધતી અને ચમકતી હતી. પણ હું અસહાય હતો. કારણ કે મારી પાસે નાણાનો કોઈ સ્રોત ન હતો અથવા કોઇ મારી સાથે કામ કરવા જોડાય અને મને દોરે એવુ ન હતુ. તે દિવસોમાં, હું અને મારૂ કુટુંબ ગરીબીમાં અને વધુ જરૂરીયાતો વગર જીવતુ હતુ. જે ઘરમાં અમે રહેતા હતા તે પણ કોઈ સગવડ વગરનું નાનું હતું.

વર્ષ ૧૯૮૦માં એક દિવસે, હું એક સુવાર્તા પડીકું મેળવી શક્યો જે ‘ઇન્ડીયા બાઈબલ લીટરેચર’ નામની સંસ્થાએ બનાવ્યુ હતુ. જ્યારે મેં તે પડીકુ ખોલ્યું, મેં તેમાં સુવાર્તા ટ્રાકો અને એક પત્રવ્યવહાર અભ્યાસક્રમ પુસ્તક જોયું. જ્યારે હું તે ટ્રાકો અને પત્રવ્યવહાર અભ્યાસક્રમ વાંચતો હતો, મને તેને ભારતના વિવિધ ભાષાના લોકો માટે તેનો ઉપયોગ કરવામાં રસ જાગ્યો. તરત જ હું ઇન્ડીયા બાઈબલ લીટરેચરના કાર્યાલય તરફ મારી ઘણી જુની સાઈકલ પર દોડી ગયો, જે થાઉઝંડ લાઈટ્સ, ચેન્નાઈઃ૬ નામની જગ્યાએ કાર્યરત હતુ. ત્યાં એક જૂવાન માણસને મળ્યો જેનું નામ શ્રી વેલું અથવા શ્રી વેલાયુથમ હતું. હવે તે ત્યાં કારોબારી સંચાલક છે, હું તેને નીહાળતો હતો જ્યારે તે પત્રવ્યવહાર અભ્યાસક્રમ પુસ્તકો ઘણી સુઘડતાથી અને જવાબદારીથી બાંધતો હતો. અને રવાના કરતો હતો, હું તેને પસંદ કરવા લાગ્યો અને એ નિર્ણય પણ આવ્યો કે હું તેની સાથે તેની જેમ જ કંઈ કરું.

તેની પ્રશંસા કરતા, હું ધીમેથી તેની પાસે ગયો અને પુછ્યુ કે શું તે થોડા અભ્યાસક્રમના પુસ્તકો મને આપશે. તેણે કહ્યું કે દરેક પુસ્તકની કિંમત ૫૦ પૈસા (અડધો રૂપિયો) હતી. મે તેને સમજાવ્યુ કે હું એક નાણાકીયરીતે ગરીબ કુટુંબનો માણસ છું અને ઓછા માસિક પગાર પર સરકારી વિભાગમાં કામ કરૂં છું. તે સાંભળીને, તેણે દસ પુસ્તકો મને મફતમાં આપ્યા. પણ મને તેથી સંતોષ થયો નહિ અને બારીમાંથી તે પુસ્તકો તરફ જોવા લાગ્યો. મને લાગ્યું કે કેટલાક પુસ્તકો જે રવાના કરવાના ઓરડામાં રાખી મુંક્યા હતા, તે મને મારા નામ ‘સામ’ થી બોલાવતા હતા અને કહેતા હતા, મહેરબાની કરીને અમને બહાર લઈ જાઓ અને તમે જાણતા હો તેઓનો આપો, અમારામાં ઘણી ક્ષમતા ભરેલી છે!

હું તે જગ્યામાંથી ખસી શકતો ન હતો. અચાનક બીજા એક ભાઈ આયા અને મને પુછ્યુ, “તમે કોણ છો? તમે અહીં શુ કામ કરી છો અને ઘણા વખતથી અમારા કાર્યલયની અંદર જોયો કરો છો?” મેં તેમને કહ્યું, હું એક ગરીબ માણસ છું અને મને જીવતા ઈશ્વર ઈસુ ખ્રિસ્તની સેવા કરવાની મોટી ઈચ્છા છે. મને કેટલાક પત્રવ્યવહાર અભ્યાસક્રમ પુસ્તકો ખરીદવા છે. તેણે મને તે મેળવવા માટે પૈસા લાવવા કહ્યું. આ વાત મનમાં રાખીને મેં મારી જુની સાઈકલ વેચી નાખવાનું નક્કી કર્યું, જે આ દુનિયામાં મારી એક માત્ર સંપતિ હતી.

તરત જ હું એક પાસેની સાઈકલ મરામતની દુકાને ગયો અને મારી જુની સાઈકલ ૧૦૦ રૂપિયામાં વેચી નાખી અને ૨૦૦ પત્રવ્યવહાર અભ્યાસક્રમ પુસ્તકો ખરીધ્યા.

કેમ કે તે પુસ્તકો ખરીદવા માટે, મેં મારી એક માત્ર સાઈકલ વેચી નાખી હતી, જે ઘણા લાંબા સમયથી મારું વાહન હતું, તેથી મારે તે પુસ્તકો મારા ખભા પર અને માથા પર લઈને તે થાઉઝંડ લાઈટ્સ નામની જગ્યાથી અંદાજે ૫ કિલોમીટર સુધી મારા સ્થળે ચાલીને લઈ જવા પડયા. કેમ કે મને આવો બોજો લઈ જવાનો અનુભવ ન હતો, તેથી હું થકેલો અને કંટાળેલો હતો. બે જગ્યાએ બોજો રસ્તા પર મારા મારા માથા પરથી અને ખભા પરથી પડી ગયો. હું નિઃસહાય હતો. મેં કેટલાક લોકોનો મશ્કરીનો અવાજ સાંભળ્યો. અંતે હું મારા સ્થળે પોહોચ્યો અને મારી બધી શક્તિ સાથે તે પુસ્તકો વહેંચવા લાગ્યો.

ત્યાર પછી ઈશ્વરે મને અભ્યાસક્રમ ‘નવુ જીવન તમારા માટે’ ભાઈ એમ. પોલરાજની મદદથી શરૂ કરવામાં સહાય કરી. ત્યાર પછી ઈશ્વરે અમને **ઈકો ઓફ હીજ કોલ સાંધ્ય બાઈબલ કોલેજો** શરૂ કરવા સક્ષમ કર્યા.

હા, મારા વહાલા મિત્ર, મારે મારી જુની સાઈકલ ખોવી પડી દેવના રાજ્ય માટે. તે મારા કુટુંબના સભ્યો અને મિત્રોની નજરમાં શરમભરેલું, અજ્ઞાનતા અને મુર્ખતા ભરેલુ કામ હતુ જોકે આજે ઈશ્વરે મને મોટરગાડીઓ અને કાર્યક્ષમ લોકો આપ્યા છે મારી મદદ કરવા!

એક દિવસ મારે સુવાર્તા પુસ્તકો મારા માથા પર અને ખભા પર ઉંચકીને લઈ જવા પડયા હતા. તે મારી જુવાનીમાં ખરેખર શરમજનક અને દુઃખદાયી હતુ, પણ આજે ઈશ્વરે મને વાન અને મીની બસો અને કર્મચારીસભ્યો પૂરા પાડ્યા છે સુવાર્તા સાહિત્ય લઈ જવા માટે.

વહાલા મિત્ર, ઈશ્વર પાસે તમારા માટે અને તમારા ભવિષ્ય માટે ખાસ યોજના છે. જો તમે ઈશ્વર પાસે કંઈ ગુમાવો છો, તો તમને તે વિપુલતાથી આપવામાં આવશે! તમે ઈસુ ખ્રિસ્તને તમારા આદર્શ તરીકે પસંદ કરી શકો છો. નક્કી કરો કંઈક રોકાણ કરવા, જે તમારી મિનિસ્ટ્રીમાં મહત્ત્વનું છે, સામ્રાજયવાળા મન સાથે ત્યા તમારા જીવનમાં ઈશ્વરના આશીર્વાદનો કોઈ અંત હશે નહિ.

**ફક્ત એક જીવન : તે ટુંક સમયમાં ભૂતકાળ બની જશે;**
**ખ્રિસ્તી માટે જે કર્યુ તે કાયમ રહેશે.**

## Kind Attention: Echo of His Call Readers

Our 5 minute **Echo of His Call** YouTube messages are being broadcasted from 2.00 A.M. in Tamil, Telugu, English and Hindi (everyday). You can receive the Grace of God by watching the messages.

Moreover, save my mobile numbers (+91) 98410 71858, (+91) 98412 71858 (personal) in your mobile phones.

- Pr. S. Sam Selva Raj

(પાન ૬ પરથી આગળ...)

જાણે છે અને તેઓ તમારા માટે યુધ્ધ કરશે. સ્થિર ઊભા રહો! આપણી પાસે એ ઈશ્વર છે જેઓ આપણી લડાઈઓ લડે છે. તેઓ હાર વિશે કશું જાણતા નથી! તેથી, આપણે વિજય જોઈશું કારણ કે આપણા ઈશ્વર પરાક્રમી યોધ્ધા છે જેઓ તેમના સામર્થ્યવાન હાથ વડે લડે છે.

## ૫. ઘડનારા હાથ!

છેલ્લે, ઈશ્વરના હાથ, ઘડનારા હાથ છે. તેઓ કુંભાર છે અ ને આપણે માટી છીએ. તેઓ એ છે જેઓ આપણને ઘડે છે, આપણને આકાર આપે છે, કેટલીક વખતે કાપકુપ કરીને, કેટલીક વખતે ધારને અણિશુધ્ધ કરીને, કેટલીક વખતે, તેમને એ બાબતો, જેને માટે આપણે ખૂશ હોતા નથી, તે પણ તેમને કરવી પડે છે, જેથી આપણે આપણા માલિક માટે ઉપયોગી બની શકે.

જ્યારે ઈશ્વર આપણને ઘડે છે. આકાર આપે છે, તે આપણને પીડા આપે છે અને આપણે સંવેદનશીલતા અનુભવીએ છીએ. પણ તે આ સમયે હોય છે કે જ્યારે આપણે ઈશ્વરના ભરપૂર જ્ઞાનને સમર્પિત થવાની જરૂર છે અને તેમના પર ભરોસો રાખવાની. એક બાબત આપણે યાદ રાખવાની જરૂર છે કે ઈશ્વર શ્રેષ્ઠ જાણે છે.

ઈશ્વર આપણા જીવનોને ઘડવા માટે પરિસ્થિતિઓને અને સંજોગોને મંજૂરી આપે છે. તેઓ આપણને બીજા લોકોને ઘડવાની પણ મંજૂરી આપે છે. કેટલાક લોકો તેમના શબ્દો દ્વારા નિરાશાજનક, હેરાન કરનારા અને વીંધી નાખનાર શબ્દો વડે આપણને ધીરજ શીખવવા માટે આપણા જીવનોમાં દાખલ થાય છે. ઈશ્વર આપણા ચરીત્રને વિકસાવવા કેટલાક લોકોને આપણા જીવનોમાં પ્રવેશવાની મંજૂરી આપે છે. લોકો એક મોસમ પૂરતા આપણને ઘડવા આવે છે અને જ્યારે આપણે ઈશ્વરે નક્કી કરેલા ધ્યેયને મેળવીએ છીએ કે તરત જ તેઓ આપણને છોડી જશે. ઘણી વખતે, આપણે એવા લોકો માટે વિલાપ કરીએ છીએ જે આપણા પર કાયમના જખમ છોડીને જાય છે. હું તે સખત રીતે શીખી છું. લોકો એક મોસમ પૂરતા આપણાં જીવનોમાં આવે છે કેટલાક ફક્ત પહેલા પૃષ્ઠ પૂરતા જ, કેટલાક ફક્ત પહેલા પ્રકરણ સુધી જ, અને ઘણા થોડા જ આપણા જીવનોની કહાણીમાં છેલ્લે સુધી રહેવાની ઈરાદો રાખે છે. તેથી જ્યારે ઈશ્વર કેટલાક વિશેષ લોકોને આપણા જીવનોમાંથી દૂર જતા રહેવાની મંજૂરી આપે છે, ત્યારે મજબૂત રહો! ઈશ્વર જાણે છે અને ત્યાં કારણ છે કેમ!

આપણે કદાચ, કેટલાક વાર, ઈશ્વરના પરાક્રમી હાથો આપણને કચડી નાખતા અનુભવીએ છીએ. તે તમારો વિનાશ કરવા માટે નહિ પણ તમારું ઘડતર કરવા માટે છે.

પિતરનો ૧લો પત્ર ૫:૬ કહે છે, **"...એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતાને નમાવો કે તે તમને યોગ્ય સમયે ઉચ્ચપદે મૂકે."** આવો આપણે જોઈએ કે યહોવા પ્રભુનો હાથ આપણા જીવનોમાં કેટલો પરાક્રમી છે.

જો આપણે આપણા જીવનોને, ઈચ્છાઓને, સપનાઓને તેમને સોંપી દઈશું અને ઈશ્વરના પરાક્રમી હાથ હેઠળ રહીશું તો ઉપરોક્ત સર્વ આશીર્વાદો આપણા પર આવશે.


## URGENT

We require approximately 1000 Hindi Christian books for **our Nehemiah Bible Colleges**. Kindly inform us about the possibility of obtaining theological Hindi books.

**Please stop sending books in English and Tamil languages.** Thank you.

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

## URGENT NEED

**PRINCIPAL & TEACHERS**

**for**

**ST. PAUL'S MATRICULATION SCHOOL,**

**An *Echo of His Call* Institution**

**Vijayanagaram, Medavakkam, Chennai - 100.**

We need well qualified, experienced, dedicated, hard working and mission oriented Christians.

Apply with Bio-data to
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

## WANTED for

**NEHEMIAH BIBLE COLLEGE**
**of ECHO OF HIS CALL, Chennai**
(ATA - Registered Candidate for Membership)

**DEAN (Residential):**
Hindi Theologian with M.Div. / M.Th. Degree & experience. Boarding, Lodging and Salary will be paid.
Eligible candidates may send bio--data to:
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

### સબસ્ક્રાઈબ કરો

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– **સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**

**on 16th FEBRUARY 2024**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**